**રેગ્યુ. દિવાની મુકદ્દમા નંબર : ૦૮/૨૦૨૩**

**:: આંક–૩૬ ની પ્રતિવાદી નંબર–૧ તર્ફે સી.પી.સી ના ઓર્ડર–૭ રૂલ–૧૧ મુજબ વાદીનો દાવો રદ કરવાની અરજી લગત હુકમ ::**

---

**(૦૧)** હાલની અરજી પ્રતિવાદી ન.૧ નાએ હાલાના દાવાના કામે આંક–૩૬ ની અરજી આપી રજુઆત કરેલ છે જેની ટુંકમા હકીકત એવી છે કે, સદર દાવાના વાદીએ વાદવાળી જમીનો બાબતે જાહેરાત તથા મનાઈ મેળવવા સબબથી સદર દાવો આપેલ છે. જે સામે પ્રતિવાદીએ વિગતવાર લેખિત જવાબ તથા કાઉન્ટર કલેઈમ આપેલ છે. વાદીએ તેઓની દાવા અરજીમા વાદવાળી જમીન તેમના પતિ રાજેન્દ્રસિંહ મોતિસિંહ રાઠોડની માલિકી અને કબજા ભોગવટાની હોવાની રજુઆત કરેલ છે. વધુમા વાદીએ તેઓની દાવા અરજીના પેરા–૩ મા જણાવેલ છે કે, '' **અમો વાદીના પતિ રાજેન્દ્રસિંહ મોતિસિંહ રાઠોડે તેઓની હયાતિમા જમીનોની વહેંચણી કરેલ. તે વહેંચણીના આધારે દાવાવાળી જમીન તેઓ વાદીના હિસ્સે આવેલ અને તે વહેંચણીની નોંધ મોજે ઈ ટકલાના ગામ દફતરે નોંધ નં. ૧૫૦૨, તા. ૨૫/૦૩/૨૦૦૩ ના રોજ પડેલ છે જેથી તે તા ૨૫/૦૩/૨૦૦૩ થી દાવાવાળી જમીનમા વાદી માલિક અને કબજેદાર બનેલા છે.''** તેવી રજુઆત કરેલ છે. વાસ્તવમા પ્રતિવાદી તરફે લેખિત જવાબમા વાદીના દાવા મુજબ જે જમીન રાજેન્દ્રસિંહ રાઠોડે આપેલ હોવાની રજુઆત છે, તેઓ પોતે અનરજીસ્ટર્ડ અને બોગસ વીલ આધારે તત્કાલીન મહેસુલી અધિકારીઓના મેળાપીપણાથી માલિક અને કબજેદાર બની બેઠેલા,કાયદેસર રીતે માલિક બનેલા ન હોતા. જે આખી બાબતે વિગતવાર સીટની તપાસ બાદ ગુનો નોંધાયેલ છે. રાજેન્દ્રસિંહ રાઠોડને કોઈ કાયદેસરના અધિકારથી મળેલ નથી. રાજેન્દ્રસિંહના નામે દાવાવાળી જમીન દાખલ કરતી નોંધ નં. ૧૪૫૩ તથા વાદીના દાવાના મુખ્ય આધાર એવી નોંધ નં. ૧૫૦૨ સક્ષમ સતા ધરાવતા નાયબ કલેકટરશ્રી, ઝઘડીયા દ્વારા રદ કરતો હુકમ કરી દેવામા આવેલ છે.

વધુમા પ્રતિવાદી નંબર–૧ તર્ફે જણાવેલ છે કે, આમ, વાદીના દાવાની એકંદર હકીકતો રાજેન્દ્રસિંહ મોતીસિંહની કહેવાતી માલિકી અને ત્યારબાદ તેમના દ્વારા દાવાવાળી જમીનોની હયાતીમા કરવામા આવેલ વહેંચણી ઉપર આધારીત હોવાનુ વાદીએ દાવા અરજીમા પેરા નં.૩ તથા ૪ મા જણાવેલ છે. કહેવાતી વહેંચણી અને તેના આધારે પડેલ મહેસુલી નોધના કબુલાતના કાગળોની પ્રમાણીત નકલ દાવાના કામે રજુ કરવામા આવેલ છે જે જોતા મુળથી કોઈ

કરારનુ અસ્તિત્વ હતુ નહી કે છે નથી. વધુમા સદર દાવાવાળી જમીન અને તેની માલિકી બાબતે સમાંતર ન્યાયીક કાર્યવાહીઓ પડતર છે.

(૨) વધુમા પ્રતિવાદીએ જણાવેલ છે કે, વાદીને મિલકત નામે કરી આપનારા રાજેન્દ્રસિંહ રાઠોડને વાદીએ સદર દાવાના પક્ષકાર બનાવેલા નથી. તેવી જ રીતે વાદીએ રજુ કરેલ પેઢીનામા મુજબ મરનાર મૂળ જમીન માલિક ભીખાજી અરદેસર ભરૂચના આડી લીટીના વારસદારો સદર દાવાના પક્ષકાર બનાવેલા નથી. વધુમા વાદીએ દાવાના બીજા કારણ તરીકે પ્રતિવાદીઓ ધ્વારા આપવામા આવેલ ધમકીની હકીકતો ઉપજાવી કાઢેલ છે, કોઈ ફરીયાદ રજુ કરેલ નથી, જે જોતા વાદીએ દાવો કરવાનુ કોઈ કારણ પ્રાપ્ત થયેલ નથી. આમ, વાદીએ દાવો અને તેના કારણ સબબે જે હકીકતો જણાવેલ છે તે મૂળથી ખોટી અને દાવો કરવા ખાતર ઉપજાવી કાઢેલ છે. જે હકીકતે જોતા પણ વાદીનો દાવો કારણ વગરનો અને મેળાપીપણામા સમાંતરે ચાલતી કાર્યવાહીઓ અને કબજા બાબતેના પ્રકરણો સામે ઢાલ તરીકે રજુ કરવા ખાતર ઉભો કરેલો ન્યાય પ્રણાલીનો દુરૂપયોગ માત્ર હોવાનુ પ્રતિવાદીનુ સ્પષ્ટ માનવુ છે. જે જોતા વાદીને દાવાના બહાને કોર્ટ કાર્યવાહીઓનો ગેરલાભ લેવાથી અટકાવવા જરૂરી છે. જેથી વાદીનો દાવો રદ કરવા સબબ અરજી ગુજારી સબબ અરજીથી પ્રતિવાદી નં.૧ એ દાદ માંગેલ છે કે, (અ) સદર દાવાના વાદીનો દાવો આધાર પુરાવા કે કારણ વિનાનો, કાયદાના વિધાનો અને સ્થાપિત જોગવાઈઓ વિરૂધ્ધનો અને મૂળથી ન્યાચિક કાર્યવાહીઓનો ગેરલાભ લેવા ખાતર કરેલ હોય જેથી વાદીનો દાવો રક કરતો હુકમ ફરમાવી આપવા, (બ) વાદીના કસુર અને કાયદા વિરૂધ્ધના વર્તનના કારણે બિનજરૂરી પ્રકરણોમા પ્રતિવાદીને ઢસેડાવાનો વારો આવેલ હોય જેથી વાદી પાસેથી દાવાનો ખર્ચ તેમજ દાખલારૂપ વળતર અપાવતો હુકમ ફરમાવી આપવા, (ક) તેમજ નામદાર કોર્ટને યોગ્ય અને વાજબી જણાય તેવી બીજી દાદ અપાવવા અરજ કરેલ છે.

(૩) ત્યારબાદ **વાદી તરફે પ્રતિવાદી નંબર–૧ ની આંક.૩૬ મુજબની અરજીનો લેખિત જવાબ આંક.૩૮ થી** રજુ કરવામા આવેલ છે જેમા વાદીએ જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૧ ની સદર અરજી માત્ર ખોટી અને ગેરકાયદેસર અને બદ દાનત ભરેલ હોય તે રદ થવા પાત્ર છે. પ્રતિવાદી નં.૧ ની સદર અરજી માત્ર દાવાના કામ લંબાવવાના એકમાત્ર હેતુથી આપેલ હોય તે ચાલવા પાત્ર નથી. પ્રતિવાદી નં.૧ તથા ૨ મેળાપીપણામા જુદી જુદી અરજીઓ આપી સદર કામ મનાઈ હુકમની અરજી આંક.૫ નુ ઈરાદાપૂર્વક લંબાવી રહેલ છે અને તેના એક ભાગ રૂપે પ્રતિવાદી નં.૧ એ સદર અરજી આપેલ છે અને તે રદ થવા પાત્ર છે. પ્રતિવાદી નં.૧ એ સી.પી.સી ઓર્ડર–૭ રૂલ–૧૧ હેઠળ સદર અરજી આપેલ છે. પરંતુ રૂલ ૧૧ ના કયા સબ રૂલ મુજબ આપેલ છે તે સ્પષ્ટ

જણાવેલ નથી જેથી પણ સદર અરજી ચાલવા પાત્ર નથી. સી.પી.સી ઓર્ડર–૭ રૂલ–૧૧ ( એ થી એફ) સુધીના કોઈ પ્રોવિઝન સદર અરજીને લાગુ પડતા નથી. જેથી સદર અરજી પ્રથમ તબકકે રદ થવા પાત્ર છે. પ્રતિવાદી નં.૧ એ તેઓની સદર અરજીના પેરા ૧ થી ૭ મા જે ઉલ્લેખો કરેલા છે. તે વાંચતા વાદીના દાવાને ઓર્ડર–૭ રૂલ–૧૧ ( એ થી એફ) સુધીના કોઈ પ્રોવિઝન લાગુ પડતા નથી તેથી આ અરજી રદ થવા પાત્ર છે.

(૩) વધુમા વાદી તરફે તેઓના વિ.વ.શ્રી એ આંક.૪૧ થી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. જે મુજબ નિ.૪૧/૧ થી પ્રતિવાદી નં.૧ એ વાદીને દાવાવાળી જમીનમા પ્રવેશ નહી કરવા આપેલ નોટીસ અસલ, નિ. ૪૧/૨ થી પ્રતિવાદી નં.૧ એ તા. ૧૮/૦૪/૨૩ ના નોટીસ મોકલી તેનુ પોસ્ટ કરેલાનુ કવર અસલ, નિ.૪૧/૩ થી વાદીએ પ્રતિવાદી નં.૧ એ આપેલ તા. ૧૮/૦૩/૨૩ ની નોટીસનો આપેલ જવાબ અસલ તથા નિ.૪૧/૪ થી વાદીએ પ્રતિવાદી નં.૧ એ આપેલ તા. ૧૮/૦૩/૨૩ ની નોટીસનો આપેલ જવાબ મોકલ્યો તેની કુરીયરની રસીદ અસલ રજુ થયેલ છે જે ઘ્યાને લીધુ.

(૪) **<u>ત્યારબાદ પ્રતિવાદી નંબર–૧ તરફે આંક.૪૨</u>** થી તેઓની અરજીના સમર્થનમા લેખિત દલીલો કરવામા આવેલ છે. જેમા જણાવેલ છે કે, મુળ દાવાવાળી જમીન જે કહેવાતી નોંધ નં. ૧૫૦૨ થી વાદીને પ્રાપ્ત થયેલાની હકીકત વાદીએ નામ. કોર્ટને જાહેર કરેલ છે તે નોંધ વાદીએ દાવાના કામે નિ. ૩/૪ થી રજુ કરેલ છે. સદર દાવાના કામે આંક.૧૭ થી પ્રતિવાદી નં.૧ તરફે સદર દાવાવાળી જમીનના વહેંચણીનો અસલ કરાર દાવાના કામે રજુ કરાવવા સબબથી સી.પી.સી ઓર્ડર–૭ રૂલ–૧૪ મુજબની અરજી આપેલ. જે કામે વાદી તરફે તા. ૨૮/૦૩/૨૩ ના રોજ આંક–૧૭ નો લેખિત જવાબ રજુ કરેલ છે. જેમા વાદીએ દાવા અરજીના પેરા ૩ તથા ૪ ની હકીકતો વિરૂઘ્ઘ જઈને કોઈપણ કૌટુંબિક વહેંચણી કરારની હકીકત જણાવી નથી તેનો ઉડાઉ જવાબ આપેલો છે. પરંતુ કરાર રજુ કરેલ નથી કે રજુ કરવા તૈયાર નથી તેવો કોઈ જવાબ રજુ કરેલ નથી. ત્યારબાદ વાદી તરફે તા. ૨૯/૦૩/૨૩ ના રોજ સદર આંક–૧૭ ની અરજીનો બીજો એક લેખિત જવાબ નામ. કોર્ટ સમક્ષ રજુ કરેલ છે જેમા તા. ૨૯/૦૩/૨૩ ના લેખિત જવાબમા વાદીએ એકરાર કરી જાહેર કરેલ છે કે, સદર આંક–૧૭ ની અરજીમા માંગણી કરેલ કૌટુંબિક વહેંચણીનો કરાર વાદી પાસે તેમના કબજામા નથી. ન્યાય સમક્ષ સાચી હકીકત રેકર્ડ ઉપર આવે તે આશયથી પ્રતિવાદી તરફે સદરહુ મહેસુલી વહેંચણી નોંધ નં.૧૫૦૨ ના કામે મહેસુલી રેકર્ડમા રજુ થયેલા તમામ સાધનિક કબુલાતના કાગળોની પ્રમાણિત નકલો રજુ કરવામા આવેલ છે. જે જોતા તેમા વહેંચણી કરારના નામે માત્ર ને માત્ર કોરો સ્ટેમ્પ છે. આમ, વાદી જે વહેંચણીના આધારે દાવો લાવેલા

છે તે મૂળથી કાયદા મુજબની જણાઈ આવતી નથી.

વધુમા પ્રતિવાદીએ તેઓની લેખિત દલીલમાં જણાવેલ છે કે, તેઓ પ્રતિવાદીએ સદર દાવા અરજીના લેખિત જવાબમા તકરાર લીધેલ છે કે, વાદી દાવાવાળી જમીનના માલિક નથી કે કાયદેસરના કબજેદાર નથી. વાદીના પતિ રાજેન્દ્રસિંહ મોતિસિંહ રાઠોડે **મર્હુમ ભીખાજી અરદેસર ભરૂચાના મરણના પંદરેક માસ પછી બનાવટી વીલ બનાવી રેવન્યુ અધિકારીઓના મેળાપીપણામા દાવાવાળી જમીનોના રાજેન્દ્રસિંહ રાઠોડ ગેરકાયદેસર માલિક બનેલા** અને તેઓએ કૌટુંબિક વહેંચણી કરી દાવાવાળી જમીન વાદીને વહેંચણીથી આપેલ હતી. આમ, વાદી તે દાવાવાળી જમીનના માલિક અને કબજેદાર બનેલા તે પણ ગેરકાયદેસર રીતે બનેલા છે. તેવી હકીકતોની જાણ થતા તરત જ પ્રતિવાદી નં.૧ એ રેવન્યુ અધિકારીઓ સમક્ષ ફેરફાર એન્ટ્રીઓ રદ કરવા તથા તે ફેરફાર એન્ટ્રીમાથી વાદી તથા તેમના પિતાનુ નામ કમી કરી મૂળ જમીન માલિક ભીખાજી અરદેસર ભરૂચાનુ નામ દાખલ કરવા મહેસુલી પ્રકરણો કરેલા. જેમા વાદી તથા તેઓના પિતાને પણ પક્ષકાર જોડેલા હતા. સદરહુ રેવન્યુ પ્રકરણ પૈકી આર.ટી.એસ અપીલ નં. ૨૫૪/૨૨ ના કામે પક્ષકારોને સાંભળીને રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓનુ કાયદેસરનુ મૂલ્યાંકન કરી નાયબ કલેકટરશ્રી, ઝઘડીયાએ મુળ જમીન માલિકના મરણ ગયા બાદ તેમના નામના બનાવટી વીલ આધારે પડેલ એન્ટ્રી નં. ૧૪૫૩ તથા તેના આધારે પડેલ એન્ટ્રી નં. ૧૫૦૨ રદ કરવા તા. ૦૩/૦૩/૨૩ ના રોજ હુકમ કરેલ છે. સદરહુ નાયબ કલેકટરશ્રી ઝઘડીયાના હુકમ આધારે ઈટકલા ગામના હકપત્રકે મહેસુલ દફતરે હુકમી નોંધ નં. ૨૪૩૦, તા. ૦૬/૦૩/૨૩ ના રોજ રેવન્યુ અધિકારીએ નોંધી તે નોંધ તા. ૨૦/૦૩/૨૩ ના રોજ પ્રમાણીત કરી વાદીનુ નામ માલિક કબજેદાર તરીકેથી કાઢી નાખી(રદ કરીને) મૂળ જમીન માલિક ભીખાજી અરદેસર ભરૂચાનુ નામ જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા ચડાવેલ છે. **જેની ડીજીટલ પ્રમાણીત નકલ સદર દાવાના કામે જુદા લીસ્ટથી તા. ૨૮/૦૩/૨૩ ના રોજ રજુ થયેલ છે.**

વધુમા પ્રતિવાદી ન.૧ નાએ તેઓની લેખિત દલીલમાં જણાવેલ છે કે, ઉપરની હકીકતો અને સંજોગો હાલના વાદીના દાવાની હકીકત સાથે જોતા વાદી જે કહેવાતા વહેંચણના આધારે માલિક બનેલા અને તેવા કહેવાતા માલિકી હકકે હાલનો દાવો કરેલો છે તે હવે ઉપર જણાવેલ સંજોગો અને મહેસુલી અધિકારીઓના હુકમથી વાદી દાવાવાળી જમીનના માલિક કે કબજેદાર રહેલા નથી. જેથી હવે વાદીએ ગુમાવેલા હકકની રૂએ વાદીનો સદર દાવો તથા મનાઈ અરજી ચાલવા કે ટકવાપાત્ર નથી. તેથી સદર દાવો તથા મનાઈ અરજી રદ કરવા હુકમ કરી

આપવા વિનંતી કરેલ છે.

વધુમા પ્રતિવાદી ન.૧ નાએ તેઓની લેખિત દલીલમા ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટીઝ એકટને સાંકળીને જણાવેલ છે કે, સદર દાવાવાળી જમીન વાદીના દાવા મુજબ વાદીને જે રાજેન્દ્રસિંહ રાઠોડે આપેલ, તે પોતે અનરજીસ્ટર્ડ અને બોગસ વીલ(જમીન માલિકના મરણ થયા બાદ પંદર મહિના પછીની તારીખના ઉપજાવી કાઢેલા) થી તત્કાલીન મહેસુલી અધિકારીના મેળાપીપણાથી માલિક બની બેઠેલા, શીટની તપાસ બાદ ગુનો નોંધાયેલ છે. વાદીને કહેવાતી વહેંચણીમા આપનારા વ્યકિત રાજેન્દ્રસિંહ રાઠોડને કોઈ કાયદેસરના અધિકારથી મળેલ નથી, કાયદા મુજબ કોઈપણ વ્યકિત પોતાની પાસે હોય તે ટાઈટલ કરતા સારૂ ટાઈટલ તબદીલ કરી શકે નહી. મહત્વપૂર્ણ છે કે હકકપત્રકની નોંધ એ માત્ર ફીસ્કલ પ્રકારની છે, તેનાથી ટાઈટલ નકકી થતુ નથી. તે માલિકીના સ્વતંત્ર પુરાવા તરીકે સ્વીકારી શકાય નહી. તેમ છતા તેવા પુરાવા ઉપર આધાર રાખીને દાવો આપવામા આવેલ હોય તો નોંધના પશ્ચાદવર્તી પરીણામો દાવા ઉપર સીધી અસર કરશે. પ્રતિવાદીએ ઉપરોકત હકીકત સંદર્ભે **Maria Margarida Sequeria Fernandes and Others Vp Erasmo Jack de Sequeria (Dead) through L.Rs (2012) 3 SCALE 550** નુ જજમેન્ટ રજુ કરેલ જે માનસહ વંચાણે અને ધ્યાને લીધુ.

વધુમા પ્રતિવાદીએ તેઓની લેખિત દલીલમા **વેલીડીટી ઓફ કોન્ટ્રાકટ** ને સદર દાવા સાથે સાંકળીને જણાવેલ છે કે, જે કરાર આધારે જમીન નામફેર થયેલાનો દાવો છે, તેવા કોઈ કરારનુ અસ્તિત્વ નથી. જેથી વાદીને દાવાવાળી જમીન સાથે કોઈ હકક હિત રહેલ નથી, જેથી વાદીનો દાવો મૂળથી ચાલવા કે ટકવા પાત્ર નથી. વાદીએ રજુ કરેલ મહેસુલી નોંધ નં. ૧ ૫૦૨ અને કલેકટર, ભરૂચને પાઠવેલા અપીલ મેમોમા ખુદ વાદીએ સ્પષ્ટપણે વહેંચણી કરાર હોવાની રજુઆત કરેલ છે. કાયદા મુજબ કોરા સ્ટેમ્પ આધારે કોઈ પણ સ્થાવર મિલકત નામફેર કે તબદીલ થઈ શકે નહી. જે સંજોગોમાં પણ વાદીનો દાવો ચાલવા કે ટકવાપાત્ર નથી.

વધુમા પ્રતિવાદીએ તેઓની લેખિત દલીલમા વારસાહકકનો કાયદા ને સદર દાવા સાથે સાંકળીને જણાવેલ છે કે, કલમ–૫૭ વીલને લાગુ પાડવા બાબત:–

**57. Application of certain provisions of Part to a class of Wills made by Hindus,etc.-** The provisions of this part which are set out in Schedule III shall4 subject to the restrictions and modifications specified

therein,apply-

(a) to all Wills and codicils made by any Hindu, Buddhist, Sikh or Jaina, on or after the first day of September,1870, within the territories which at the said date were subject to the Lieutenant Governor of Bengal of within the local limits of the ordinary original civil juridiction of the High Courts of Judicature at Madras and Bombay; and

(b) to all such Wills and codicils made outside those territories and limits so far as related to immovable property situate within those territories or limits; and

(c) to all Wills and codicils made by any Hindu, Buddhist, Sikh or Jaina on or after the first day of January,1927, to which those provisions are not applied by clauses (aF and (b):

Provided that marriage shall not revoke and such Will or codicil.

વધુમા જણાવેલ છે કે, પારસી જમીન માલિકની દાવાવાળી જમીનનુ વિલ છે જેનુ પ્રોબેટ લેવુ ફરજીયાત છે. તેવા વીલને પ્રોબેટ લેવામાથી કોઈ મુકિત મળેલ નથી. મુળે બનાવટ કરીને જમીન માલિકના મરણ બાદની તારીખે થયેલ કહેવાતુ તે વીલ અને તેના આધારે થયેથી મુળ તબદીલી ખોટી હોય તે ચલાવી લેવાય તેમ નથી. કલમ–૬૨ ફ્રોડ આચરીને મેળવવામા આવેલ વીલ રદ બાતલ ગણાય છે. જેમા જણાવેલ છે કે,

**61. Will obtained by fraud, coercion or importunity-** A Will or any part of a Will, the making of which has been caused by fraud or coercion, or by such importunity as takes away the free agency of the testator, is void.

વધુમા પ્રતિવાદીએ તેઓની લેખિત દલીલમા રજીસ્ટ્રેશન એકટને સદર દાવા સાથે સાંકળીને જણાવેલ છે કે, પારસી જમીન માલિકની દાવાવાળી જમીનનુ વીલ રજીસ્ટર્ડ થયેલ નથી. જો કે તે પુરાવાનો વિષય હોવાનો વાદીનો લુલો બચાવ છે, પરંતુ પ્રથમ દર્શનીય રીતે જોતા પણ વાદીના દાવા મુજબ રાજેન્દ્રસિંહ રાઠોડે આપેલ, જે પોતે અનરજીસ્ટર્ડ અને (જમીન માલીકના મરણ થયા બાદ પંદર મહિના પછીની તારીખના ઉપજાવી કાઢેલા) **બોગસ વીલથી મહેસુલી અધિકારીના મેળાપીપણાથી કહેવાતા વીલની તારીખ બાદ છેક**

**૨૦૦૧ ના વર્ષમા મહેસુલી દફતરે કબજેદાર બની બેઠેલા.** આવુ વીલ યાને વસીયતનામુ કે તેના આધારે કહેવાતી તબદીલી કાયદાસંગત નથી. વધુમા પ્રતિવાદીએ જણાવેલ છે કે, વાદી દાવામા જેને આધાર બનાવી દાવો લાવેલા છે, જો ખરેખર તેવો કોઈ વહેંચણી કરાર હોય તો પણ કોઈપણ પ્રકારની નોંધણી વિના ૧૦૦/– રૂપીયા કરતા વધુ રકમની કોઈ પણ સ્થાવર મિલકત નામફેર કે તબદીલ થઈ શકે નહી. આવા સંજોગોમાં આવો કરાર પણ કાયદા મુજબ નોંધાયેલા નથી. નોંધણી અધિનિયમ મુજબ જોતા પણ તે કરાર કે તેના આધારે પડેલ નોંધ ચાલવા કે ટકવાપાત્ર નથી.

વધુમા પ્રતિવાદીએ તેઓની લેખિત દલીલમા જણાવેલ છે કે:–

**17. Documents of which registration is compulsory.-** (1) The following documents shall be registered, if the property to which they relate is situate in a district in which, and if they have been executed on or after the date on which, Act XVI of 1864, or the Indian Registration Act, 1866, or the Indian Registration Act, 1871, or the Indian Registration Act, 1877, or this Act came or comes into force, namely,-

(a) instruments of gift of immovable property;

(b) other non-testamentary instruments which purport of operate to create, declare, assign, limit of extinguish, whether in present of in future, any right, title or interest, whether vested or contigent, of the value of one hundred rupees and upwards, to or in immovable property;

(c) non testamentary instruments which acknowledge the receipt or payment of any consideration on account of the creation, declaration, assignment, limitation or extinction of any such right, title or interest, and

(d) leases of immovable property from year to year, or for any term exceeding one year, or reserving a yearly rent;

(e) non testamentary instruments transferring or assigning any decree or order of a Court or any award when such decree or order or award purports or operates to create, declare, assign, limit or extinguish, whether in present

or in future, any right, title or interest, whether vested or contigent, of the value of one hundred rupees and upwards, to or in immovable property:

Provided that the State Government may, by order published in the official Gazette, exempt from the operation of this sub section any leases executed in any district, or part of a district, the terms granted by which do not exceed five years and the annual rents reserved by which do not exceed fifty rupees.

(1-A) The documents containing contracts to transfer for consideration, any immovable property for the purpose of section 53-A of the Transfer of Property Act, 1882, shall bel registered if they have been executed on or after the commencement of the Registration and other Related Laws (Amendment) Act, 2001, and if such documents are not registered on or after such commencement then, they shall have no effect for the purposes of the said section 53-A.

માત્ર વહેંચણી કરી દેવાથી અને વહેંચણી કરાર બાબતના ઉલ્લેખનો ઈન્કાર કરવા માત્રથી હકીકત બદલાઈ જતી નથી. ન્યાય પાસે પુરાવો રજુ કરવો પડે અને રેકર્ડ ઉપર આવેલ પુરાવો વાદીના કથનોથી સર્વથા વિસંગત અને ગેરમાર્ગે દોરનારો છે. જે જોતા વાદીનો દાવો ચાલવાપાત્ર નથી. વાદીના દાવામા કહેવાતા જમીન માલિક રાજેન્દ્રસિંહ રાઠોડને કોઈ કાયદેસરના અધિકારથી મળેલ નથી, ત્યારે નામ. સુપ્રિમ કોર્ટના સ્થાપિત કરેલા સિધ્ધાંતને જોતા કાયદા મુજબ કોઈ પણ વ્યકિત પોતાની પાસે હોય તે ટાઈટલ કરતા સારૂ ટાઈટલ તબદીલ કરી શકે નહી.

વધુમા પ્રતિવાદી ન.૧ નાએ તેઓની લેખિત દલીલમા સદર દાવો લાવવાના કારણરૂપે જણાવેલ છે કે, વાદીએ દાવાના કારણમા ધમકીની હકીકતો ખોટી રીતે ઉપજાવી કાઢેલ છે, કોઈ ફરીયાદ કે પુરાવો રજુ નથી, માત્ર મૌખિક રજુઆત એ દાવો કરવાનુ કોઈ યોગ્ય કે પુરતુ કારણ નથી. તે બાબતે કોઈ સમર્થનકારક પુરાવાના અભાવે દાવો સ્પષ્ટપણે કારણ વિનાનો હોય ચાલવા પાત્ર રહેતો નથી.

વધુમા પ્રતિવાદીએ તેઓની લેખિત દલીલમા જણાવેલ છે કે, વાદીને પહેલેથી મહેસુલી અને ફોજદારી પ્રકરણો આધારે એ હકીકતે જાણ હતી અને છે કે રાજેન્દ્રસિંહ અને મરનાર પારસી ભીખાજી અરદેસરના આડી લીટીના વારસદારો હયાત છે. સદર દાવાના કામે કહેવાતી

વહેંચણીમા આપનાર રાજેન્દ્રસિંહને પક્ષકાર જોડેલા નથી, જે વાદીએ જોડવા ફરજીયાત છે. કાઉન્ટર એફીડેવીટમા પણ તેમણે એ હકકીત સ્વીકારેલ છે કે, રાજેન્દ્રસિંહ સદર દાવાના પક્ષકાર નથી. ખરેખર વાદીએ ન્યાય સમક્ષ સાચી અને પૂરતી માહિતી અને કાયદાસંગત રજુઆત કરવી જોઈએ. જે થયેલ નથી. ભીખાજી અરદેસરના આડી લીટીના વારસો હયાત છે તેમને વાદીને દાવાના પક્ષકાર શરૂઆતથી જોડેલા નથી, કે પાછળથી પ્રતિવાદી ધ્વારા તે બાબતે તકરાર ઉઠાવવા છતા પણ પક્ષકાર ઉમેરવા દરકાર કરેલ નથી. આ સંજોગોમાં દાવો નિર્ણીત કરવામા આવે તો પણ હુકમનામાનો અમલ શકય બને નહી. જેથી પણ દાવો ચાલવા કે ટકવાપાત્ર રહેતો નથી.

વધુમા પ્રતિવાદી ન.૧નાએ તેઓની લેખિત દલીલમા જણાવેલ છે કે, સ્પેશીફીક રીલીફ એકટની કલમ ૧૪(૩) તથા કલમ-૪૧ ધ્યાને લેવામા આવે તો તેમા મનાઈહુકમ આપવાની કયારે ના પાડી શકાય તે બાબતે જોગવાઈ કરેલ છે તેમજ વાદીએ જાહેરાત તથા કાયમી અને કામચલાઉ મનાઈ હુકમની દાદ મેળવવા દાવો આપેલો છે. વધુમા પ્રતિવાદીએ જણાવેલ છે કે, જુનીયર ડીવીઝન સીવીલ કોર્ટ ધ્વારા મામલતદાર, નાયબ કલેકટર, કલેકટર, સકરાર અગર નેશનલ કમીશન ફોર માઈનોરીટી જે સીવીલ કોર્ટની સક્ષમ સતા અને હકૂમત ધરાવે છે અને જે હાલની કોર્ટના તાબા હેઠળની કોર્ટ નથી તેની કાર્યવાહી માંડતા અગર રોકવા માટે દાવો આપી શકાય નહી. તેના માટે સક્ષમ સતા ધરાવતી કોર્ટ સમક્ષ દાવા/કાર્યવાહી કરવા પડે. જે જોતા હકૂમતના મુદે પણ સદર દાવો ચાલવા કે ટકવાપાત્ર નથી.

વધુમા પ્રતિવાદી ન.૧ નાએ તેઓની લેખિત દલીલમા જણાવેલ છે કે, વાદીએ સદર દાવાની દાવા અરજીના પેરા ૩ મા જણાવેલ છે કે, '' અમો વાદીના પિતા રાજેન્દ્રસિંહ મોતિસિંહ રાઠોડે તેઓની હયાતિમા જમીનોની વહેંચણી કરેલી. તે વહેંચણના આધારે દાવાવાળી જમીન અમો વાદીના હિસ્સે આવેલ. તે વહેંચણીની નોંધ મોજે ઈટકલાના ગામ દફતરે નોંધ નં. ૧૫૦૨ તા. ૨૫/૦૩/૨૦૦૩ ના રોજ પડેલ છે. જેથી તે તા. ૨૫/૦૩/૨૦૦૩ થી દાવાવાળી જમીનના અમો વાદી માલિક અને કબજેદાર બનેલા છે.''તેવી રજુઆત કરેલ છે. વાસ્તવમા પ્રતિવાદી તરફે લેખિત જવાબમાં વાદીના દાવા મુજબ જે જમીન રાજેન્દ્રસિંહ રાઠોડે આપેલ હોવાની રજુઆત છે, તેઓ પોતે અનરજીસ્ટર્ડ અને બોગસ વીલથી મહેસુલી અધિકારીના મેળાપીપણાથી માલિક અને કબજેદાર બની બેઠેલા, જે બાબતે સીટની તપાસ બાદ ગુનો નોધાયેલ છે. રાજેન્દ્રસિંહ રાઠોડને કોઈ કાયદેસરના અધિકારથી મળેલ નથી. રાજેન્દ્રસિંહના નામે દાવાવાળી જમીન દાખલ કરતી નોંધ નં. ૧૪૫૩ તથા વાદીના દાવાના મુખ્ય આધાર એવી

નોંધ નં. ૧૫૦૨ સક્ષમ સતા ધરાવતા નાયબ કલેકટરશ્રી, ઝઘડીયા ધ્વારા રદ કરતો હુકમ કરી દેવામા આવેલ છે.

વધુમા પ્રતિવાદી ન.૧ નાએ તેઓની લેખિત દલીલમા જણાવેલ છે કે, આમ, વાદીના દાવાની એકંદર હકીકતો રાજેન્દ્રસિંહ મોતીસિંહની કહેવાતી માલિકી અને ત્યારબાદ તેમના ધ્વારા દાવાવાળી જમીનોની હયાતીમા કરવામા આવેલ વહેંચણી ઉપર આધારીત હોવાનુ વાદીએ દાવા અરજીમા પેરા નં.૩ તથા ૪ મા જણાવેલ છે. કહેવાતી વહેંચણી અને તેના આધારે પડેલ મહેસુલી નોધના કબુલાતના કાગળોની પ્રમાણીત નકલ દાવાના કામે રજુ કરવામા આવેલ છે જે જોતા મુળથી કોઈ કરારનુ અસ્તિત્વ હતુ નહી કે છે નથી. વાદીને મિલકત નામે કરી આપનારા રાજેન્દ્રસિંહ રાઠોડને વાદીએ સદર દાવાના પક્ષકાર બનાવેલા નથી. તેવી જ રીતે વાદીએ રજુ કરેલ પેઢીનામા મુજબ મરનાર મૂળ જમીન માલિક ભીખાજી અરદેસર ભરૂચના આડી લીટીના વારસદારો સદર દાવાના પક્ષકાર બનાવેલા નથી. વધુમા વાદીએ દાવાના બીજા કારણ તરીકે પ્રતિવાદીઓ ધ્વારા આપવામા આવેલ ધમકીની હકીકતો ઉપજાવી કાઢેલ છે, કોઈ ફરીયાદ રજુ કરેલ નથી, જે જોતા વાદીએ દાવો કરવાનુ કોઈ કારણ પ્રાપ્ત થયેલ નથી. જે હકીકત ધ્યાને લીધા બાદ તે બાબતે પોલીસ તેમજ મહેસુલી ગેઝેટેડ અધિકારીઓ જેમા કલેકટર, અધિક કલેકટર, ચાર નાયબ કલેકટર્સ, સુપ્રિન્ટેન્ડન્ટસ સહિત તેમજ કાયદા અધિકારીઓ ધ્વારા સદર હકીકતની ખરાઈ કરીને મિલકત પડાવી લેવા કાવતરૂ કરીને ગુનો બનેલાની હકીકતો રેકર્ડ ઉપર લીધા બાદ ખાસ સમિતી સીટની તપાસ બાદ ગુનો નોંધાયેલ છે. જે સીટની કાર્યવાહી તેમજ હુકમો અને ફરીયાદ સહિતની હકીકતો નામ. કોર્ટના રેકર્ડ ઉપર રજુ થયેલ છે. આમ, વાદીએ દાવો અને તેના કારણ સબબે જે હકીકતો જણાવેલ છે તે મૂળથી ખોટી અને દાવો કરવા ખાતર ઉપજાવી કાઢેલ છે. જે હકીકતે જોતા પણ વાદીનો દાવો કારણ વગરનો અને મેળાપીપણામા સમાંતરે ચાલતી કાર્યવાહીઓ અને કબજા બાબતેના પ્રકરણો સામે ઢાલ તરીકે રજુ કરવા ખાતર ઉભો કરેલો ન્યાય પ્રણાલીનો દુરૂપયોગ માત્ર હોવાનુ પ્રતિવાદીનુ સ્પષ્ટ માનવુ છે. જે જોતા વાદીને દાવાના બહાને કોર્ટ કાર્યવાહીઓનો ગેરલાભ લેવાથી અટકાવવા જરૂરી છે. જેથી વાદીનો દાવો રદ કરતો હુકમ કરી આપવો સર્વથા ન્યાયોચિત છે.

વધુમા પ્રતિવાદી ન.૧ નાએ તેઓની લેખિત દલીલમા જણાવેલ છે કે, વાદી જે વહેંચણ ઉપર આધાર રાખેલાની હકીકત જણાવી દાવો લાવેલા છે તે દાવાનુ કારણ કૌટુંબિક વહેંચણીના કરારથી તેઓને દાવાવાળી જમીન પ્રાપ્ત થયેલ હોવા તેમજ ત્યારબાદ તેઓના કબજે ભોગવટે ચાલી આવેલ હોવાની રજુઆત આધારે જાહેરાત તથા મનાઈ વિગેરે દાદ

મેળવવા સબબથી હાલનો દાવો આપેલો છે તેવુ દર્શાવેલ છે. વાદીએ જે વહેંચણી નોંધ ઉપર આધાર રાખીને હાલનો દાવો આપેલ છે તે નોંધ સમક્ષ સતા ધરાવતા અધિકારી ધ્વારા હુકમ કરીને રદ કરી દેવામા આવેલ છે. દાવાનુ એકંદર રેકર્ડ નિગાહે લેવામા આવે તો વાદીએ કહેવાતો વહેંચણીનો કરાર રજુ કરેલ નથી. વધુમા તેવી વહેંચણી નોંધના મહેસુલી રેકર્ડની કબુલાતના કાગળો તા. ૨૮/૦૩/૨૩ ના રોજ રજુ કરવામા આવેલ છે તે જોતા તેમા કોઈ કરાર થયેલાનુ માલુમ પડતુ નથી. કોરા સ્ટેમ્પ અને તેની કોઈપણ પ્રકારની નોંધણી વિના ૧૦૦/– રૂપીયા કરતા વધુ રકમની કોઈ પણ સ્થાવર મિલકત નામફેર કે તબદીલ થઈ શકે નહી. રેકર્ડ જોતા વાદીના નામે કરવાનુ પણ મૂળ જમીન માલિક પારસીની જમીન પડાવી લઈ તેને સગેવગે કરી દેવાના આયોજનપૂર્વકના ષડયંત્રનો જ એક ભાગ હોય જે જોતા વાદીને સદર દાવાવાળી જમીન બાબતે કોઈ કાયદેસરના અધિકારો પ્રાપ્ય થયેલ નથી. જેથી પણ વાદીનો હાલનો દાવો ચાલી કે ટકી શકે તેમ નથી ત્યારે તેના અધારે વાદીની કોઈપણ રજુઆત ચાલી કે ટકી શકે તેમ નથી. વધુમા પ્રતિવાદીએ તેઓની લેખિત દલીલમા જણાવેલ છે કે, વાદીએ આખી તકરારના મૂળ વિવાદીત એવા તેમના પિતા રાજેન્દ્રસિંહ મોતિસિંહ રાઠોડને ઈરાદાપૂર્વક દાવાના પક્ષકાર બનાવેલા નથી. વળી, મૂળ જમીન માલિક ભીખાજી અરદેસર ભરૂચાના કાયદેસરના વારસદારો અંગેની હકીકત ખુદ વાદીએ દાવામા જાહેર કરેલ છે પરંતુ તેમને પક્ષકાર બનાવેલા નથી. તેવા વારસોને હાલના દાવાની દાદ સાથે સીધે સીધી નિસ્બત અને લેવા દેવા હોય તેમજ દાવાના હુકમનામાનુ પાલન પણ થઈ શકે તેમ નથી. જેથી હાલનો દાવો સ્પષ્ટપણે પક્ષકારની ખામીથી દૂષિત છે. જે સંજોગોમાં હાલનો દાવો ન્યાય નિર્ણીત કરવામા આવે તો પણ તેના હુકમ કે હુકમનામાની અમલવારી શકય નથી. વધુમા પ્રતિવાદીએ Ratna Commercial Enterprised Ltd. vs. Vasutech Ltd.-[AIR 2008 Del 99], Azhar Hussain v. Rajiv Gandhi ના વિવિધ ચુકાદાઓનો આધાર લીધેલ છે. જે ઉપરની તમામ હકીકત સદર દાવાનો વાદીનો દાવો આધાર પુરાવા કે કારણ વિનાનો, કાયદાના વિધાનો અને સ્થાપિત જોગવાઈઓ વિરૂધ્ધનો અને મૂળથી વાદી વિરૂધ્ધ ચાલતી કાર્યવાહીઓ સામે બચાવાત્મક ઢાલ તરીકે ન્યાયીક કાર્યવાહીઓનો ગેરલાભ લેવા ખાતર કરેલ હોય જેથી વાદીનો સદર દાવો રદ કરતો હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૫) સદર કામે વાદીના વિ.વ.શ્રી આર.સી.પરમાર ના ઓએ મૌખીક દલીલો કરી જણાવેલછેકે, પ્રતિવાદીએ જે તકરારો લીધેલછે તે આંક–૫ ની દલીલો વખત ની અને પુરાવાના સમય બાબતે ની છે જે હાલમા તેઓની અરજી ટકવા પાત્ર નથી. વાદીએ હાલના દાવામા પેરા–૮ જોતા તેમા

દાવાનુ કારણ પણ જણાવેલછેકે, જેથી પણ દાવો કરવાનું કારણ ઉભુ થયેલછે. વધુમાં કરાર બાબતે તેમજ પક્ષકાર બાબતે તેમજ વીલ બાબતે ની તમામ તકારારો પુરાવાનો વિષયછે. વાદીએ આ કામે છેલ્લા ૨૦ વર્ષ ઉપરાંત થી કબજો વાદગ્રસ્ત જમીનનોછે અને જે લેવાનો પ્રયત્ન કરી રહયાછે અને કામને વિંલબમા હાલની અરજી કરેલછે જે પણ દેખાયછે કારણકે, આજરોજ વાદી તફે તેઓનો કબજો લેવા માટે નોટીશ પણ આપેલછે જે બતાવેછે તેઓ નો ઈરાદો શુ છે. વધુમાં જે એન્ટી બાબતે ની વાત કરેછે તે તો તે એન્ટ્રી સામે વાદીએ અપીલ પણ કરેલછે અને જે આ કામે લીસ્ટ થી રજુ પણ કરેલછે અને **પ્રતિવાદી એ જે વીલ ની વાત કરેછેતો તેઓએ વીલ રદ કરવા આજદીન સુધી કોઈ અદાલતમાં કેસ કરેલ નથી અને મહેસુલી અદાલત વીલ રદ કરવાના પાવર ધરાવતા નથી જે બાબતે સક્ષમ અદાલતને જ પાવર છે.** વધુમાં પ્રતિવાદી એ હાલની આંક–૩૬ ની અરજી જે આપેલછે તે જોતા સી.પી.સી ના ઓર્ડર–૭ રૂલ–૧૧ મા પડતી જ નથી અને તે બાબતે સી.પી.સી ના ઓર્ડર–૭ રૂલ–૧૧ **એ ટુ એફ જોતા પણ સદર પ્રતિવાદીન.૧ ની અરજી ટકી શકે નહી.** અને વધુમાં પ્રતિવાદી ન.૧ ના એ જે એન્ટ્રી તા.૩/૩/૨૦૨૩ ના રોજ મંજુર થઈ ને તા.૬/૩/૨૦૨૩ ના રોજ રેવન્યુ રેકર્ડમા પડાવેલછે તે બાબતે વાદીએ અપીલ નો હકકછે અને તેથી તે હકીકત પણ માની શકાય નહી. વધુમાં **પ્રતિવાદી નાઓએ આજદીન સુધી સદર વાદગ્રસ્ત જમીનના મહેસુલ ભરેલાનુ કોઈજ ડોકયુમેન્ટ રજુ કરેલ નથી અને વાદીએ જ રજુ કરેલછે તે એક હકીકત છે. આમ પ્રતિવાદી ન.૧ ની હાલની અરજી રદ કરવા દલીલો કરેલછે.**

(૬) અત્રેની અદાલતે નામદાર ગુજરાત હાઈકોર્ટ નો ચુકાદો RAJNIKANT BHOGILAL PATEL V/S LEGAL HEIRS OF DECD. BHUPENDRABHAI HAKKABHAI BHRAMBHATT. G.L.R. 2022(3) PAGE-2025 ના જણાવેલ પારા–૮ વંચાણે લેવામાં આવેતો તેમા જણાવેલછેકે, PARR-8 This Court first would briefly touch upon the law application deciding an application Under Order-7 Rule-11 ., which reads as under :

" The remedy under Order-7 Rule-11 is an independent and special remedy, wherein the Court is empowered to summarily dismiss a suit at the threshold, without proceeding to record evidence, and conducting a trial on the basis of the evidence adduced, if it is satisfied that the action should be terminated on any of the grounds contained in this provision.

The underling object of Order-7 Rule-11(a) is that if in a suit, no cause of action is disclosed, or the suit is barred by limitation under Rule 11(d) the Court would not permit the plaintiff to unnecessarily protect the proceedings in the suit. In such a case, it would be necessary to put an end to the same litigation , so that further judicial time is not wasted "

"The power conferred on the Court to terminate a civil action is, however, a drastic one, and the conditions enumerated in Order-7 Rule-11 are required to be strictly adhered to. Under Order-7 Rule-11, a duty is cast on the Court to determine whether the plaint disclose a cause of action by scrutinizing the averments in the plaint, read in conjunction with the documents relied upon, or whether the suit is barred by any law. Having regard to Order 7 Rule-14 C.P.C., the documents filed along with the plaint, are required to be taken into consideration for deciding the application under Order 7, Rule 11(a). When a document referred to in the pliant, forms the basis of the plaint, it should be treated as a part of the plaint. In exercise of power under this provision, the Court would determine if the assertions made in the plaint are contrary to statutory law, or judicial dicta, for deciding whether a case for rejecting the plaint at the threshold is made out. At this stage, the pleas taken by the defendant in the written statement and application for rejection of the pliant on the merits, would be irrelevant, and cannot be adverted to, or taken into consideration. The test for exercising the power under Order-7 Rule-11 is that if the averments made in the pliant are taken in entirety, in conjunction with the documents relied upon, would the same result in a decree being passed. It is not permissible to cull out a sentence or a passage, and to read it in isolation. It is the substance, and not merely the form, which has to be looked into. The plaint has to be construed as it stands, without addition or subtraction of words. If the allegations in the plaint prima facie show a cause of action, the Court cannot embark upon an enquiry whether the allegations are true in fact. If however, on a meaningful reading of the plaint, it is found that suit does not disclose right to sue, cause of action or suit is barred by any law and the Court has no option, but to reject the plaint and without any merit, Order-7

Rule-11 of C.P.C. The provision of Order-7 Rule-11 is mandatory in nature. It states that the plaint "shall" be rejected if any of the grounds specified in clause (a) to (e) are made out. If the Court finds that the plaint does not disclose a cause of action, or that the suit is barred by any law, the Court has no option but to reject the plaint ".

" The power under Order-7 Rule-11 C.P.C may be exercised by the Court at any stage of the suit, either before registering the plaint, or after issuing summons to the defendant, or before conclusion of the trial. The plea that that once issues are framed, the matter must necessarily go to trial cannot be accepted."

"Cause of action" means every fact which would be necessary for the plaintiff to prove. if traversed, in order to support his right to judgment. It consists of a bundle of material facts, which are necessary for the plaintiff to prove in order to entitle him to the reliefs claimed in the suit. While considering an application under Order-7 Rule-11 of C.P.C. what is required something purely illusory. What is required is that a clear right must be made out in the plaint. If, however, by clever drafting of the plaint , if bud, so that bogus litigation will end at the earliest stage. The Court must be vigilant against any camouflage or suppression, and determine whether the litigation is utterly vexatious, and an abuse of the process of the Court."

"The period of limitation prescribed under Art-58 and 59 of the 1963 Act is three years, which commences from the date when the right to sue first accrues. The use of the word 'first' between the words 'sue' and 'accrued' , requires the Court to examine the plaint and determine when the right to sue first accrued to the plaintiff, and whether on the assumed facts, the plaint is within time. The words "right to sue " mean the right to seek relief by means of legal proceedings. The right to sue accrues only when the cause of action arises. The suit must be instituted when the right arrested in the suit is infringed, or when there is clear and unequivocal threat to infringe such right by the defendant against whom the suit is instituted. Order 7, Rule 11(d) provides that where a suit appears from the averments in the plaint to be barred by and law, the

plaint shall be rejected."

(૭) સદરહું કામે પ્રતિવાદી ન.૧ ની હાલની આંક–૩૬ ની અરજી વંચાણે લીધી તેમજ ઉભય પક્ષકારોરોની ઉપરોકત દલીલો પણ ધ્યાંનેલીધી તેમજ સદર કાયદાની કલમ–સી.પી.સી ના ઓર્ડર–૭ રૂલ–૧૧ ધ્યાને લેતા,

Rule-11 The Plaint shall be reject in the following cases:-

(a) where it does not disclose a cause of action;

(b) where the relief claimed is undervalued, and the plaintiff, on being required by the Court to correct the valuation within a time to be fixed by the Court, fails to do so;

(c) where the relief claimed is properly valued, but the plaint is written upon paper insufficiently stamped, and the plaintiff, on being required by the Court to supply the requisite stamp-paper within a time to be fixed by the Court, fails to do so;

(d) where the suit appears from the statement in the plaint to be barred by any law ;

(e) where it is not filed in duplicate;

(f) where the plaintiff fails to comply with the provisions of rule-9.

(૮) હવે, પ્રતિવાદી ન.૧ નાએ હાલની અરજી આંક–૩૬ ની દાખલ કરેલ તે અગાઉ પ્રતિવાદી નંબર–૧ તેઓના જવાબ સાથે કાઉન્ટર દાવો પણ કરેલછે તે એક હકીકતછે. વધુમાં

વાદીના વિ.વશ્રી ની દલીલો મુજબ વાદીએ આ કામે દાવાનુ કારણ પેરા–૮ માં જણાવેલછે અને તેમા જણાવેલછેકે, **સૌ પ્રથમ અમો વાદીના પતિએ સદર જમીન અમો વાદીને વહેંચણથી આપી જે નોધમોજે ઈટકલા ના ગામ દફતરે નોધ ન.૧૫૦૨ તા.૨૫/૩/૨૦૦૩ ના રોજ પડેલછે. ત્યારથી દાવાવાળી જમીનના અમો વાદી માલીક અને કબજેદર બનેલા ત્યારથી તેમજ પ્રતિવાદી ન.૨ નાઓએ વાલીયા પોલીસ સ્ટેશનમાં અમો વાદી પતિ તથા દીકરા યુવરાજસિંહ વિરૂઘ્ધ ફરીયાદ દાખલ કરી ત્યારથી તેમજ આ કામના પ્રતિવાદીઓ અમારી માલીકી તથા કબજા ભોગવટા ની જમીન પડાવી લેવાની ધમકીઓ આપી રહેલાછે તેના ભાગરૂપે ગઈ કાલે ધમકી આપી ત્યારથી રોજબરોજ આપ નામદાર કોર્ટની હકુમતમાં ઉત્પન થતુ ચાલી આવેલછે.** હવે આ કામે નોધ ન.૧૫૦૨ જોવામા આવેતો તે વહેચણની

સંબધીત રેવન્યુ ઓથોરીટી થી પ્રમાણીત થયેલછે. અને તે બાબતે નિ૩/૪ થી વાદીએ નકલ રજુ કરેલછે હવે વધુમાં પ્રતિવાદી તર્ફે દલીલછેકે, તે રેવન્યુ નોધ વહેચણ બાબતે વાદી એ કોઈ કાગળ માગતા રજુ કરેલા નથી અને જે બાબતે કોઈ જ દસ્તાવેજ વાદીએ દાવા સાથે રજુ કરેલા નથી. પરતું નોધ નિ.૩/૪ થી હાલમા રજુ કરેલછે અને વધુમાં જે નોધ જો ખોટી હોય તો તે બાબતે પણ મહેસુલ પ્રશ્ન છે અને વધુમાં વહેચણ થી વાદીને વાદગ્રસ્ત જમીન મળેલછેકે, કેમ તે પણ એક પુરાવાનો વિષય છે અને હાલના તબકકે તે નિર્ણય થઈ શકે નહી.વધુમાં પ્રતિવાદી તર્ફે જે નામદાર સુપ્રીમ કોર્ટ નુ **Maria Margarida Sequeria Fernandes and Others Vp Erasmo Jack de Sequeria (Dead) through L.Rs (2012) 3 SCALE 550** સાઈટેશન તે દાવો ચાલી ને નિર્ણય કરેલછે અને વધુમાં હાલમાં પ્રતિવાદી એ તેઓના કાઉન્ટર દાવો કરેલછે અને બોગસ વીલ બાબતે દાદ માગેલછે. અને એક બાજુ કાઉન્ટર દાવો કરીને વીલ બોગસ હોવા બાબતે તકરાર કરેલછે અને બીજી બાજુ વહેચણ બાબતે પણ તકરાર છે અને આ તમામ હકીકતો પુરાવાથી નકકી થઈ શકે તેમછે. વધુમાં વાદીએ તેઓની દાવા અરજી સાથે આંક-૩ ના લીસ્ટ થી રેવન્યુ પહોચો પણ રજુ કરેલછે જે બાબતે તેઓના કબજામાં થી રજુ થયેલછે તે પણ એક હકીકતછે. વધુમાં પ્રતિવાદી એ હાલની અરજીમાં નોનજોઈન્ડર પાર્ટીની તકરાર લીધેલછે તે પણ હાલના સી.પી.સી ના ઓર્ડર-૭ રૂલ-૧૧ ના પડતી નથી જેથી પણ પ્રતિવાદી ની હાલની દલીલ ટકવા પાત્ર નથી. વધુમાં પ્રતિવાદી ન.૧ ના એ તેઓના દલીલના પેરા-૩૨ મા જે સાઈટેશનો રજુઆત કરેલછે તે બાબતે પ્ર તિવાદી એ હાલના દાવામાં કેવી રીતે લાગુ પડે તે બતાવેલ નથી અને વધુમાં તેઓએ જે સાઈટેશનો તેમા દર્શાવેલાછે તે જોતા તે નેગોશીએબલ-૧૩૮ બાબતે દાવો કરેલ હતા તેના હતા અને બીજા તે હાથ પરના કેસ ની હકીકત થી જુદા જણાતા હોઈ જેથી તે સાઈટશનો ના સિંધ્ધાતો હાલના કેસને લાગુ પડતા ન હોવાનુ પ્રમાણીક પણે અત્રેની અદાલતનું માનવુછે. વધુમાં જે રેવન્યુ એન્ટ્રી થી સીવીલ રાઈટર્સ નકકી થતા નથી વધુમાં તે ફકત ફીજીકલ પપર્જ માટે છે. વધુમા પ્રતિવાદી એ હાલના કામે સ્પેશીફીક રીલીફ એકટ બાબતે કલમ-૧૪(૩) તથા કલમ-૪૧ બાબતે દલીલ કરેલછે તે પણ હાલના સી.પી.સી ના ઓર્ડર-૭ રૂલ-૧૧ ના પડતી નથી. આમ સદરહુ હકીકત જોતાં વાદી એ તેઓની દાવા

અરજીમાં દાવાનુ કારણ જણાવેલ હોઈ અને વધુમાં વાદીએ તેઓનો દાવો વહેચણ ના આધારે કરેલછે નહીકે વહેચણ કરાર ના આધારે અને પ્રતિવાદી તફે પણ કાઉન્ટર દાવો પણ લાવેલછે અને વીલ બાબતે તકરારો લીધેલછે અને જેથી આ તમામ હકીકતો પુરાવાથી સાબીત થઈ શકેછે અને જેથી પ્રતિવાદી એ જે જે તેઓની હાલની અરજીમાં હકીકત રજુ કરેલછે તે જોતા સી.પી.સી ના ઓર્ડર–૭ રૂલ–૧૧ ના પડતી ન હોવાનુ પ્રાઈમાફેશી સાબીત થાયછે જેથી પ્રતિવાદી નંબર–૧ ની હાલની અરજી તેમજ તેઓની દલીલો ટકવા પાત્ર રહેતી ન હોઈ જેથી ન્યાયના હીતમાં નીચે મુજબ નો હુકમ કરવામાં આવેછે.

## **હુકમ**

(૧) પ્રતિવાદીની હાલની આંક–૩૬ ની અરજી નામંજુર યાને રદ કરવામાં આવેછે.

(૨) ખર્ચ અંગે હાલના તબકકે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તારીખ–૦૪ મી માહે–૦૫ સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૪ –૦૫ –૨૦૨૩
સ્થળ : વાલીયા

**(હિતેષકુમાર રસીકલાલ ઠકકર)**
પ્રિન્સીપાલ સિવિલ જજ, વાલીયા.
યુનીકજજ કોડ નં. જીજે ૦૧૪૪૮